# SHREE VASISHTHA VIDHYALAY, VAV

**(Gujarati Medium/Bilingual Medium)**



## કરિયર મહોત્સવ 2025

ઉડાન સપનાઓની . ..

આત્મીય વાલીશ્રી,

વંદે માતરમ!

આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના "વિકસિત ભારત@2047" નાં વિઝનને પ્રાપ્ત કરવા માટે શિક્ષણ અને રોજગાર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ મહત્વપૂર્ણ વિઝનનાં ભાગ રૂપે ગુજરાત સરકાર, જીવજોય અને **શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ દ્વારા** સંયુક્ત રીતે 'કરિયર મહોત્સવ' કાર્યક્રમનું આયોજન તા.- 22/02/25 ને શનિવારના રોજ **શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ** ના પટાંગણમાં કરવામાં આવેલ છે. જેનો સમય સવારે 09:00 થી 12:00 કલાકનો રહેશે.

ગુજરાત રાજ્યમાં ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓના સપનાને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા માટે **'કરિયર મહોત્સવનું'** આયોજન કરવામાં આવ્યું છે. આ પહેલ વિદ્યાર્થીઓને તેમની રુચિઓ, ક્ષમતાઓ, કૌશલ્યો અને ભાવિ કાર્યની શક્યતાઓને ધ્યાનમાં રાખીને કારકિર્દીને લગતા યોગ્ય નિર્ણયો લેવા માટે સશક્ત બનાવશે. કરિયર મહોત્સવમાં સરકારી અધિકારીઓ, શાળાના આચાર્યો, શિક્ષકો અને પ્રેરણાદાયક વ્યક્તિત્વો એક એવી ઈકોસિસ્ટમ બનાવવા માટે સહયોગ કરશે જે વિદ્યાર્થીઓને તેમની એજ્યુકેશનલ જર્નીમાં સૌથી મહત્વપૂર્ણ નિર્ણયો લેવા માટે સશક્ત બનાવશે.

NEP 2020ના અમલીકરણના ભાગ રૂપે ગુજરાત સરકાર 10,000થી વધુ સ્કૂલોમાં 'કરિયર મહોત્સવ'નું આયોજન કરી રહી છે. તેના ભાગ રૂપે સુરતની 11 શાળાઓમાં પાઈલટ પ્રોજેક્ટ કરવામાં આવી રહ્યો છે. કરિયર મહોત્સવ કાર્યક્રમમાં 57 પ્રોફેશન વિશે સંપૂર્ણ માહિતી આપવામાં આવશે, જેમાં 47 મેઈનસ્ટ્રીમ પ્રોફેશન અને સ્કિલ આધારિત 10 પ્રોફેશનનો સમાવેશ થાય છે. આ માહિતીમાં કરિયર ઓવરવ્યૂ (ઈતિહાસથી લઈને ફ્યુચર ટ્રેન્ડ્સ સુધી), જોબ રિસ્પોન્સિબિલિટી, સ્ટડી પાથવેઝ, ધોરણ 10 પછી સ્ટ્રીમ સિલેક્શન, બેસ્ટ નેશનલ અને ઈન્ટરનેશનલ કૉલેજો, જોબ પ્રોસ્પેક્ટ્સ, કરિયર ટિપ્સ, ફાયદા અને પડકારો, જાણીતી વ્યક્તિઓના ઈન્ટરવ્યુનો સમાવેશ થશે. .

- **<u>કરિયર મહોત્સવનાં પરિણામો:-</u>**

(1) વિદ્યાર્થીઓને કરિયર એક્સપોઝર મળશે.

(2) એક્સપ્લેનર તરીકે ભાગ લેનારા વિદ્યાર્થીઓને કોમ્યુનિકેશન, ટીમવર્ક,ક્રિએટિવિટી, પ્રેઝન્ટેશન વગેરે જેવી તેમની સોફ્ટ સ્કિલ્સને વધારવાની તક મળશે.

(3) વિદ્યાર્થીઓને સફળ વ્યક્તિઓની લાઈફ સ્ટોરીઓમાંથી પ્રેરણા મળશે.

(4) શિક્ષકો અને માતાપિતાને પણ વિવિધ કરિયર્સ વિશે બેઝિક માહિતી મળશે.

(5) વિદ્યાર્થીઓને પ્રોફેશનલ્સ સાથે વન ઓન વન ઈન્ટરેક્શનની તક મળશે.

**'કરિયર મહોત્સવ-2025'**

**તારીખ :- 22/02/2025, શનિવાર**

**સમય:- સવારે 9:00 થી 12:00**

**સ્થળ:- શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ.**

**વાલીમિત્રો, ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને આપ 'કરિયર મહોત્સવ -2025'માં અચૂક ઉપસ્થિત રહો. જેથી આપણે સૌ કંઈક નવું જાણીએ, સમજીએ અને બાળકોને પ્રોત્સાહન આપી શકીએ.તો આ કાર્યક્રમમાં આપ અવશ્ય પધારશો જ એવી અભિલાષા...**

**P.T.O.**

કરિયર મહોત્સવ 2025

ઉડાન સપનાઓની . ..

'કરિયર મહોત્સવ' અંતર્ગત ધો.- 9, 11-COM. અને 11-SCI. ના વિદ્યાર્થીઓ નીચે આપેલ 47 મેઈનસ્ટ્રીમ પ્રોફેશન અને સ્કિલ આધારિત 10 પ્રોફેશન વિષે માહિતગાર કરશે.

## ➢ 47 મેઈનસ્ટ્રીમ પ્રોફેશન:-

1. એડવર્ટાઇઝમેન્ટ
2. આર્મ્ડ ફોર્સ
3. ઓટોમોબાઈલ એન્જિનિયર
4. કેમિકલ એન્જિનિયર
5. સિવિલ એન્જિનિયર
6. કમ્પ્યુટર સાયન્સ
7. ડોક્ટર
8. ઈલેક્ટ્રોનિક એન્ડ કોમ્યુનિકેશન
9. ઈલેક્ટ્રીકલ એન્જિનિયરિંગ
10. મિકેનિકલ એન્જિનિયરિંગ
11. ફાર્મસી
12. સ્પેસ સાયન્સ
13. આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સ
14. ડ્રોઈંગ એન્ડ ડિઝાઈન
15. ફેશન ડિઝાઈનર
16. ઈવેન્ટ મેનેજમેન્ટ
17. ગેઈમ ડેવલપર
18. મ્યુઝિક
19. પોલીસ
20. સાઈકોલોજીસ્ટ
21. સ્પોટર્સ
22. શિક્ષક
23. યુટ્યુબર
24. ફોટોગ્રાફર
25. એક્ટર
26. પ્રોફેસર
27. એગ્રીકલ્ચર
28. બાયોલોજી
29. સાયન્ટિસ્ટ
30. મૅથેમૅટિશિયન
31. ઍપ્લાઈડ સાયન્સ
32. બેન્કિંગ
33. CA
34. સિવિલ સર્વિસ (UPSC)
35. આંત્રપ્રિન્યોર
36. હોટલ મૅનેજમેન્ટ
37. જર્નાલિઝમ
38. વકીલ
39. MBA
40. પોલિટિક્સ
41. સોશિયલ વર્કર
42. લેખક
43. ડિજિટલ માર્કેટિંગ
44. કંપની સેક્રેટરી
45. આર્કિટેક્ટ
46. ડેટા સાયન્ટિસ્ટ
47. પાઈલટ

## ➢ સ્કિલ આધારિત 10 પ્રોફેશન:-

1. ટેલર
2. ઈલેક્ટ્રોનિક્સ રિપેર
3. પ્લમ્બર
4. ડિલિવરી પર્સન
5. અગ્નિવીર
6. મોબાઈલ રિપેરર
7. કમ્પ્યુટર ઓપરેટર અને પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ
8. ઈવેન્ટ ડેકોરેટર
9. ઈલેક્ટ્રિશિયન
10. કાર મિકેનિક